સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

જિજીવિષાની ભગદડમાં, શ્રદ્ધા ખૂટે છે,
ને સરકારી વ્યવસ્થામાંથી શ્રદ્ધા તૂટે છે,
છૂટે છે શ્રદ્ધા વિશ્વાસની, દંભી ડૂબકીમાં -
ને ઢોંગી ધૂતારા ભાવિકોની શ્રદ્ધા લૂંટે છે
(અંધશ્રદ્ધા નો કુંભમેળો)

ફાંસી ફાયદે,
રાજકીય જલ્લાદો -
ખેંચે છે દોરી..
(તકવાદી પગલાં)

સ્વાર્થી નેતાઓ,
રાષ્ટ્રીયતા ને પણ
દઇ દે ફાંસી..
(ખૂરશી બચાવ પ્રયુક્તિ)

ચિંતન

ચદ્વાગ્રા નિજભાલપટ્ટિલિખિતં સ્તોકં મહદ્ધા ધનં તત્પ્રાપ્નોતિ મરૂસ્થલેઅપિ નિતરાં મરૌ તતો નાધિકમ્ ।
તદ્ધીરો ભવ વિતવત્સુ કૃપણાં વૃત્તિં વૃથા મા કૃથાઃ કૂપે પશ્ય પયો નિધાવપિ ઘટો ગૃહ્યાતિ તુલ્યં જલમ્ ॥

ભતૃહરિ વિરચિત નીતિ શતકનો આ શ્લોક ભાગ્યનું મહત્ત્વ દર્શાવે છે :

'વિધાતા એ આપણા નશીબ-ભાગ્ય-લલાટમાં થોડું કે ઘણું, જેટલું ધન લખ્યું હશે એટલું જ ધન મનુષ્યને રણપ્રદેશમાં પણ અવશ્ય-ચોક્કસ મળીને જ રહેશે. પરંતુ તેનાથી વધારે મેળવવાના પ્રયત્નમાં જો એ મેરૂ પર્વત પર ચઢે તો પણ મેળવી નથી શકતો. માટે, હે ધીરજવાન, તું ધીરજ ધર, અને ધનવાનો પાસે નકામી દીન ભાવના-દૈન્ય-ગરીબી-લાચારી દર્શાવી યાચના કરી ગરીબી પ્રકટ ન કર - જેમ ઘડો કૂવામાંથી કે સમુદ્રમાંથી એટલું જ - સરખું જ પાણી લઇ શકે છે અર્થાત્ તેની શક્તિ-ભાગ્ય-મર્યાદાથી વધારે કે ઓછું પાણી લઇ શકતો નથી.'

કોઇ ધનવાન, પ્રધાનશ્રી-શેઠ-માલિક પાસે દીનતા-ગરીબી દર્શાવી હાથ લાંબો કરવાની જરૂર જ નથી. આપણા ભાગ્યમાં વિધાતાએ જેટલું જ્યાં પણ લખેલાંથી વધારે કે ઓછું કદાપિ મળવાનું નથી. રણપ્રદેશમાં મળી જ જશે, બાકી વધારે મેળવવવા મેરૂ પર્વત પર ચઢશો તો પણ નહીં જ મળે.

ભાગ્યના ઘડાના કદ પ્રમાણે જ પાણી સીંચી શકાય કૂવામાંથી ભરો કે સરોવરમાંથી -
લલાટમાં લખાયેલું કોઇ છીનવી ન શકે કે એનાથી વધારે કોઇ આપી પણ ન શકે -

સુવિચાર

- ભક્તિના ત્રણ મૂળ છે, ૧. જ્ઞાન. ૨. સંકલ્પ. ૩. પ્રેમ. - પૂ.કૉંગરેજી
- ભક્તિ માર્ગ આચર્યા સિવાય જ્ઞાનની પૂર્તિ થતી નથી - શ્રી માતાજી
- ભક્તિ એવી કરો કે ભગવાનને જ તમારા વિના ચેન ન પડે - સંત જ્ઞાનેશ્વર
- જિંદગી ખૂલી રાખો ભક્તિ ગુપ્ત રાખો - પૂ. મોરારી બાપુ
- કપટી અને દુષિત સ્વભાવવાળો ભક્ત કદી ન હોઇ શકે - ગુણવંત શાહ
- ભક્તમાં જ્ઞાન ન હોય પણ માત્ર નમ્રતા હોય તો પણ તેને સહજ જ્ઞાન સરળતાથી પ્રાપ્ત થાય છે - વિદુરજી
- સંસારની માયાજાળમાંથી બહાર નિકળવા માટે ભક્તિ સિવાય બીજો કોઇ ઉપાય નથી - સંત યોગેશ્વર

બોધ કથા

આજકાલ આપણા નેતાશ્રીઓ, રમતવીરો, કલાકારો, યુવાનોમાં ધન-સમૃધ્ધિની ઘેલછા વધી છે પણ દેશ-દાઝ, રાષ્ટ્રપ્રેમ કે રાષ્ટ્રભક્તિનો છાંટો બચ્યો નથી. રાષ્ટ્રીય મૂલ્યો નાશ થવાને આરે છે. વેપારીઓ નિકાસમાં કે નાગરિકો પણ ફૂટી જઇ દેશની બદનામી થાય એવાં આચરણ કરે છે. દેશનાં 'ગૌરવ'ની કોઇને ચિંતા જ નથી.

જાપાનનું કેટલીય વાર પતન થયું. વિનાશનાં આરે જઇ ઉભે પણ જાપાનીસ લોકોનો રાષ્ટ્રપ્રેમ-વફાદારી અને કર્તવ્યનિષ્ઠાથી ફરી ફરી આળશ ખંખેરી નવજીવન પ્રાપ્ત કરી બેઠું થઇ જાય છે.

સ્વામી રામતીર્થ જાપાનમાં હતા. ટોકિયો બંદરેથી તાઇવાન જવા એક લૉંચ-બોટ (વહાણ)માં પ્રયાસ કરતા હતા. બે-ત્રણ દિવસની સફરનો માર્ગ હતો. સ્વામીજી દૂધ અને ફળ સિવાય કંઇ જ લેતા ન હતા. જ્યારે બીજે દિવસે કેન્ટીનમાં દૂધ અને ફળ લેવા ગયા ત્યારે મેનેજરે કહ્યું, દૂધ અને ફળ ખલાસ થઇ ગયા છે. આપણને તાઇવાન પહોંચતા હજી ૨૦ કલાક થશે. હું દિલગીર છું!

આ વાત બાજુમાં જ નાસ્તો ખરીદતા બે યુવાને સાંભળી; અને વિચારમગ્ન બેઠેલા સ્વામી રામતીર્થ પાસે આવી દૂધની બોટલ અને ફળો મૂક્યા..

સ્વામીએ તેમને પૂછ્યું મારે તમને કેટલું ચૂકવવાનું??

ત્યારે યુવાન કહે, 'આપ જ્યારે ભારત જાવ ત્યારે કોઇને એવું કહેજો નહીં કે જાપાનનાં વહાણમાં દૂધ-ફળ ખૂટી જાય છે. બસ આ જ દૂધ-ફળની કિંમત છે. અમારા દેશની આબરૂ સાચવી લેજો!'

'મૃચ્છકટિકમ'ના લેખક શુદ્રક ચારૂદત્ત અને વસંત સેનાના મિલનને ચંદ્ર અને ચાંદનીનું મિલન કહે છે, વિશુધ્ધ પ્રેમની આ વાત આવતીકાલે 'વેલેન્ટાઈન ડે'છે ત્યારે આપણે સૌને યાદ રાખવા જેવી છે

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

ઉજ્જયિની શહેરની ગણિકા વસંતસેનાની મુલાકાત એક સમયે નગરની કામદેવ જેવા ગણાતા નગરશેઠ ચારૂદત્ત સાથે થાય છે. બંને એકબીજાને દિલ દઇ બેસે છે. બંનેના હૃદયમાં એકબીજા પ્રત્યે અગાધ પ્રેમ છે. અને સંકોચ પણ છે. વસંતસેનાને એ વાતનો સંકોચ છે કે કયાં પ્રતિષ્ઠિત ચારૂદત્ત અને કયાં તે એક ગણિકા. બંનેનું મિલન કઇ રીતે શક્ય છે. ચારૂદત્તને સંકોચ છે કે ગણિકાને આપવા માટે તેની પાસે દોલત નથી. એક સમય હતો કે જયારે ચારૂ દત્ત પાસે અપાર દોલત હતી. તે નગરશેઠ હતો. પરંતુ ચારૂદત્તની દાનવીરતાને કારણે તેનું ધન ધીરે ધીરે ઓછું થતું ગયું. અને આજે તો તેની સ્થિતિ કંઇક એવી છે કે,

સુખતુ યાં યની નરો દરિદ્રતાં ।
ધૃતઃ શરીરેણ મૃત સ જીવંત ॥

અર્થાત્ દરિદ્રતા એ તેનાં તમામ સુખો છીનવી લીધાં છે. વસંતસેનાને તે ખુબ પ્રેમ કરે છે. પણ ધન નહીં હોવાને કારણે તે પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરી શકતો નથી. બીજી તરફ વસંતસેના પાસે અનેક ધનવાન વ્યક્તિઓની લાઇન લાગી છે. પરંતુ તે દરિદ્ર ચારૂદત્તને પોતાનું દિલ બેઠી છે અને તેની અદમ્ય ઇચ્છા છે કે કોઇ દરિદ્ર યુવકને પ્રેમ કરીને તે જીવનનો સાચ્ચો આનંદ પ્રાપ્ત કરે. તે વિચારે છે કે -

દરિદ્ર પુરૂષ સંકાતમતાઃ ખલું ગણિકા લોકે અવચનીયા મદત ।

વસંતસેના કામદેવ મંદિરના બગીચામાં જાય છે અને ચારૂદત્ત પણ ત્યાં આવે છે. ચારૂદત્તને જોતાં જ વસંત સેના વિચાર કરે છે સાક્ષાત્ કામદેવ જાણે કે સામે ચાલ્યો આવે છે. ચારૂદત્ત સૌ પ્રથમ તો એક બ્રાહ્મણ છે. વળી, ગુણવાન છે. તેની ખ્યાતિ નગરમાં બધે પ્રસરેલી છે. તેની સામે વસંતસેના પોતાને ખુબ જ ક્ષુદ્ર સમજે છે. અને વિચારે છે કે ચારૂદત્તની ગરિમા અને પ્રતિષ્ઠા તેમની વચ્ચે દિવાલ બની ઉભી છે. શું કયારેય ચારૂદત્ત તેનો સ્વીકાર કરશે? બસ આ જ અસમંજસ તેના પગલાંને રોકે છે પણ છતાં વસંત સેના ચારૂદત્તની વહુ બનવા ઇચ્છે છે.

અંધકાર થતાં જ વસંતસેના માટે રસ્તા પર બહાર નીકળવાનું મુશ્કેલ બની જાય છે. તે વરણાગીયાઓથી છુપાતાં છુપાતાં નીકળે છે. પરંતુ રાજાનો સાળો શંકર જે આ નગરનો કોટવાળ છે એ તેના પર નજર રાખે છે અને રસ્તામાં તેનો પીછો કહે છે. વસંતસેના પોતાને બચાવવા ગલીકુંચીઓમાં આમતેમ થઇને ગમે તેમ કરી એક ઘરમાં ઘુસી જાય છે. તે ઘર તેના પ્રિય એવા ચારૂ દત્તનું હોય છે. પણ અંધકારમાં એ ચારૂદત્તને જોઇ શકતી નથી. કે ચારૂદત્ત તેને જોઇ શકતો નથી. ચારૂદત્ત તેને પોતાની નોકરાણી રૂદનિકા સમજીને દીવો પેટાવવાનો આદેશ કરે છે. એટલામાં રૂદનિકા આવી જાય છે અને વસંતસેનાનો ભેદ ખુલી જાય છે. એવં વસંતસેના કામદેવ યતનોધીનીત પ્રમૃતિ ભવંતુમતુરલા । એ રીતે બંને વચ્ચે પ્રેમના અંકુર ફૂટે છે.

વસંતસેના તેની માંના હાથની કઠપુતળી છે. માં તેનો સોદો ધનવાનો સાથે કરે છે. અને અમરી રઇસજાદાઓ રાજાના શાહુકારો સાથે દેહવ્યાપાર માટે તેને મજબૂર કરે છે. તેની બોલી લગાવવામાં આવે છે. જે વધુમાં વધુ રૂપિયા અને ઘરેણાં ભેટ ધરશે તેની સાથે ધંધો થશે.

વસંતસેનાને જીવવા માટે રઇસજાદાઓ અનેક રીતે કોશિષ કરે છે. પરંતુ વસંતસેનાના હૃદયમાં ગણિકા હોવા ઉપરાંત એક સ્ત્રીનું દિલ પણ ધબકતું હતું. તેથી એ પોતાનું દિલ એક ગરીબ બ્રાહ્મણને દઇ બેસે છે. વસંતસેના ચારૂદત્તના ગુણોની દિવાની થઇ જાય છે. વસંતસેના જાણે છે કે પ્રેમમાં ચારૂદત્ત તેને કંઇ આપી શકે તેમ નથી. છતાં એ તેને ચાહે છે. પરંતુ તેનો એ પ્રેમ એક તરફી છે. ચારૂ દત્ત ગરીબ બ્રાહ્મણ છે. તે ગણિકાને પ્રેમ કરવાનું વિચારી પણ કઇ રીતે શકે. કેમ કે, ચારૂદત્તને ખબર છે કે ગણિકા ને પ્રેમ કરવા માટે ધન, વૈભવની જરૂર પડે છે. જે તેની પાસે નથી, વસંતસેનાનો પ્રેમ છાપરે ચડી જાણે કે પોકારે છે અને આખા શહેરમાં ચર્ચાનો વિષય બની જાય છે.

ચારૂદત્ત કહે છે કે યથા મે જીતતઃ જમઃ ક્ષઇણે વિભવ વિસ્તરે । વસંતસેના સુંદર છે અને નમ્ર પણ છે. પણ એ ગણિકા છે. પ્રેમના આદાનપ્રદાન માટે એ રૂપિયા કયાંથી લાવે તેથી એ વિચારીને શાંત થઇ જાય છે. વસંતસેનાની સખી મદનિકા આ પ્રણય પ્રસંગથી ખુશ નથી. એ તેને સમજાવતાં કહે છે કે, રાજા કે વેપારી જ પ્રિતિપાત્ર હોય છે. તું કયાં એ દરિદ્રને પ્રેમ કરવા નીકળી પડી. વસંતસેના તેને સમજાવતાં કહે છે, ગણિકા હંમેસાં પૈદાદારોને અને જે પ્રેમ કરે એવું કહેવાય છે કે પ્રેમ કરૂં છું. તેની વધુ બનવાનું મારૂં સપનું છે. જતાં જતાં વસંતસેના પોતાનાં ઘરેણાં ચારૂદત્તને ત્યાં મુકી જાય છે. જેથી એ ફરી ત્યાં આવી શકે.

આ તરફ જયારે ચારૂદત્તને એ આભાસ થાય છે કે વસંતસેના તેને સાચો પ્રેમ કરે છે. પૈસા માટે નહીં તેના પ્રત્યે તેનું માન વધી જાય છે. પરંતુ ચારૂદત્ત પાસે આપવા માટે કંઇ હોતું નથી. તેથી એ તેની સાથે એક અંતર જાળવી રાખે છે. ચયે મેં જીતેના મીમા ક્ષીમે વિમસ્તકે ।

એ કારણે વસંતસેના ખાસ્સી દુઃખી રહે છે. તે ચારૂદત્તને મેળવવા માગે છે અને કહે છે મંદમાગેની ખાલી અહમ તવ અસ્યાતસ્ય ।

એક દિવસ એ ભૂલથી રાતના શંકરથી ડરતી અજાણતામાં ચારૂદત્તના ઘરમાં ઘુસી જાય છે. પરંતુ નોકરાણી દ્વારા તેને જાણવા મળે છે કે એ ચારૂદત્તનું ઘર છે, તેથી ફરી તેને મળવાની આશાએ પોતાનાં ઘરેણાંની પોટલી ત્યાં મુકીને જતી રહે છે. બીજે દિવસે જયારે તે જાય છે ત્યારે ચારૂદત્તનો દીકરો સોનાની ગાડીથી રમવાની જીદ લઇ બેઠો હોય છે. વસંતસેના તેને પ્રમ કરે છે અને ઘરેણાંની પોટલી બાળકની માટીની ગાડીમાં ઢલવી દે છે. અને સોનું ભરેલી ગાડી લઇ લેવા કહે છે.

બીજે દિવસે ચારૂદત્ત અને વસંતસેના બાગમાં મળવાનો કાર્યક્રમ બનાવે છે ચારૂદત્તનો માણસ બળદગાડું લઇને વસંતસેનાને લેવા આવે છે. પરંતુ ગાદી ભુલી જાય છે, અને ગાદી લેવા જાય છે ત્યાં વસંતસેનાના ઘરની સામેથી એક બીજું બળદગાડું પસાર થાય છે. વસંતસેના તેમાં બેસી જાય છે. તે ગાડું શંકરનું હોય છે. જયાં તે બગીચામાં પહોંચે છે ત્યાં શંકર તેને મારવાનો પ્રયાસ કરે છે. તેનું ગળું દબાવી દે છે. જેથી વસંતસેના મુર્છિત થઇ જાય છે. મરી ગઇ છે. તેથી એ ભાગી જાય છે.

રાજાનો સાળો શહેરનો કોટવાળ હોય છે. તે વસંતસેના પર મોહિત હોય છે. એ તેને મેળવવા ઇચ્છે છે. કારેલી વેલી લીમડે ચડ્યો એક તો એ રાજાનો સાળો અને પાછો કોટવાળ. તેથી એ પહેલાં વસંતસેનાને પામવા માટે પ્રયાસ કરે છે પછી તેની માં દ્વારા તેના પર દબાણ લાવે છે. તેને ખબર છે કે વસંતસેના ચારૂદત્તને ચાહે છે. છતાં જબરદસ્તી તેને મેળવવા માંગે છે. એનું નામ શંકર છે. શંકરને ખબર છે કે, વસંતસેના તેની થઇ શકે એમ નથી. કેમ કે, તેમની વચ્ચે ચારૂદત્ત નડતરરૂપ છે. તેથી એ ચારૂદત્તને પોતાના રસ્તામાંથી હટાવવા ષડયંત્ર રચે છે. કેમ કે, વસંતસેના એ સ્પષ્ટ કરી દે છે કે તે શંકરને ચાહતી નથી. સાથે સાથે એ ધમકી આપે છે કે જો શંકર તેને બોલાવશે કે જબરદસ્તી કરવાની કોશિષ કરશે તો તે જીવતી રહેશે નહીં.

અહમ્ સંદેશ્સ્વૈય કુવ્યામે । યદી માં જીવંતી મિચ્છનમે તદૈવ ન ધુતરરૂં માતા આજ્ઞાસ્વેત્વયા ।

શંકરનું ષડયંત્ર શરૂ થાય છે. તે વસંત સેનાથી એટલો નારાજ છે કે તે તેને મારી નાંખવા માંગે છે. અને તેનો આરોપ ચારૂદત્ત પર નાંખવા માગે છે. તે પોતાના નોકર વિટને વસંતસેનાને મારવાની આજ્ઞા કરે છે. પરંતુ વિટ ના પાડી દે છે. તે પછી બીજા નોકરને કહે છે એ પણ હત્યા જેવો ગુનો કરવાની ના પાડી દે છે.

વસંતસેનાનું મન ચારૂદત્તને મળવા આતુર રહે છે. યોગાનુયોગ તેની મા તેના માટે ગાડી મોકલે છે. પરંતુ તે ચારૂદત્તે ગાડી મોકલી છે એમ સમજીને ગાડીમાં બેસી જાય છે. તે ગાડી શંકરની હોય છે. તે ગાડી સુધી પહોંચી જાય છે. તે પહેલાં કે ચારૂદત્ત તેને શોધે, શંકર બદલાની ભાવનાથી તેનું ગળું દબાવી દે છે. અને તે મરી ગઇ છે એમ સમજી એ જતો રહે છે.

શંકર તરત જ કોર્ટમાં હાજર થઇ જણાવે છે કે ચારૂદત્તે વસંતસેનાને મારી નાંખી છે. કોર્ટમાં કેસ ચાલે છે. વસંતસેનાની માની ગવાહીને કારણે ચારૂદત્ત પર આરોપ સાબિત થાય છે. અને ફાંસીની સજા સંભળાવવામાં આવે છે. વસંતસેના જયાં ભાનમાં આવે છે ત્યાં જ એ ઘરે જતી રહે છે.

બીજે દિવસે વસંતસેનાને મારી નાંખવાનો કેસ ચારૂદત્ત પર ચાલે છે. શંકર કોર્ટમાં જઇને બયાન આપે છે. ચારૂદત્તને ફાંસીનો હુકમ સંભળાવવામાં આવે છે. ચારૂદત્તને ફાંસીએ ચડાવવાની તૈયારી થઇ રહી છે. ત્યાં વસંતસેનાને ખબર પડે છે. તે દોડીને પહોંચી જાય છે. અને શંકરની ક્રૂરતાનું આખું વૃંત્તાત કહી સંભળાવે છે. ત્યારે ચારૂદત્તને માનસહિત છોડી મુકવામાં આવે છે.

વસંતસેના એવી ગણિકા સાબિત થાય છે જે કંઇ લેતી નથી. પણ આપે છે. તે પોતાનાં ઘરેણાં ચારૂદત્તના છોકરાને આપી દે છે અને પોતાના પ્રિય ચારૂદત્તની ગરીબી દૂર કરવા માંગે છે. ચારૂદત્ત ગરીબ છે છતાં એ તેને પ્રેમ કરે છે. તે સાચી પ્રેયસી છે. ચારૂદત્તને એ મૃત્યુના મુખમાંથી પાછો લાવે છે. તે સ્ત્રીપદ પ્રાપ્ત કરવા માંગે છે. અને અંતમાં ચારૂદત્ત તેને વધુ બનાવે છે.

'મૃચ્છકટિકમ'ના લેખક શુદ્રક ચારૂદત્ત અને વસંત સેનાના મિલનને ચંદ્ર અને ચાંદનીનું મિલન કહે છે, વિશુધ્ધ પ્રેમની આ વાત આવતીકાલે 'વેલેન્ટાઈન ડે'છે ત્યારે આપણે સૌને યાદ રાખવા જેવી છે.

- vanvihari@gmail.com

સારી યાદશક્તિનો ફાયદો ઉઠાવીને જૂની વાતો - વાર્તાઓ - ગીતો - બાળકોને કહ્યાં હોય તો? તમારા જ્ઞાન-અનુભવનો બીજાને લાભ આપો

પારિજાત

- રેખા ભટ્ટ

માણ્યું તેનું સ્મરણ કરવું, એય છે એક લ્હાવો

- કલાપી

જુવાનિયાં પાસે છે ભવિષ્યકાળ - જેમાં સપનાં અને આયોજનો છે. વડીલો-વૃધ્ધો પાસે છે 'માત્ર' ભૂતકાળ. સારા-માઠા સ્મરણઓ - યાદશક્તિ સારી રહી હોય તો - ધીમે ધીમે બધું યાદ આવે છે. બાળપણ - નાનકડું ગામ - નદી - મસ્તી- યુવાનીમાં કરેલી મહેનત - મુશ્કેલીઓ હતી પણ તેની સામે લડવાનું જોશ હતું. હવે એ સોનેરી ભૂતકાળ યાદોમાં જ રહી ગયો છે ત્યારે બની શકે તો સારૂં સારૂં જ યાદ કરીને વાગોળવું. કેમ કે માઠા પ્રસંગો યાદ કરવાથી પોતાની જ પીડામાં વધારો થવા સિવાય બીજો કોઇ ફાયદો થવાનો નથી.

જોકે મોટા ભાગના વૃધ્ધો પોતે જે નથી માણ્યું કે નથી પામી શક્યા તેને જ યાદ કરવામાં સમય પસાર કરે છે. અને એકંદરે પરિસ્થિતિ સારી અને આનંદદાયક હોવા છતાં દુઃખી રહ્યા કરે છે. અમારી સાથે કામ કરતાં એક બહેન હતાં તે જયારે મળે ત્યારે ઘરના પ્રસંગોની વાર્તા કર્યા કરે કે, 'મેં તો મારી નણંદના છોકરાને સરસ મજાની ચાંદીનો કંદોરો આપ્યો હતો અને એમણે તો મારા નૈમેષને એંક વેંતનું ઝભલું જ લાવી દીધું'. એ નૈમેષની ઉંમર પૂછીએ એટલે ખબર ન પડે કે નૈમેષ થયો સાડત્રીસનો...! છત્રીસ વર્ષ જૂની વાત ભૂલી શકતાં નથી એ યાદશક્તિને શું કહેવું? આવા કકળાટથી એમનાં છત્રીસ વર્ષ બગડ્યાં અને અમારો એક કલાક!

એના કરતાં તમારી સાથે બનેલી સારી ઘટનાઓ-પ્રસંગો યાદ કરો તો કેવું? સારી યાદશક્તિનો ફાયદો ઉઠાવીને જૂની વાતો - વાર્તાઓ - ગીતો - બાળકોને કહ્યાં હોય તો? તમારા જ્ઞાન-અનુભવનો બીજાને લાભ આપો.

વૃધ્ધાવસ્થા સ્વીકારવા બીજો વિકલ્પ નથી ત્યારે જ અંગો સારાં કામ આપે છે, હજુ સશક્ત છે તેમાંથી કોઇને મદદરૂપ થવું જોઇએ, આંખો સારી હોય તો સારાં પુસ્તકો વાંચો - બાળકોને એની વાતો કરો, ટીવી જોવાનું મન ના કરવું. રીમોટ હાથમાં આવશે નહીં. નકામો કલેશ વધશે. એના કરતાં બાગ-બગીચામાં બેસીને સરખી ઉંમરના વડીલો સાથે સમય કાઢવો, કારણ કે એમનેય તમારાં જેટલું જ દુઃખ છે. પ્રવાસનું આયોજન કરો શક્તિ હોય તો -

(સારૂં થજો સંસદસભ્યોને મળતી ગ્રાંટનું - બાંકડા ગોઠવ્યા છે ઠેર-ઠેર, નહીંતર આ વડીલોનું શું થાત? બને તો વડીલો સાથે જ વાતો કરો. જુવાનિયાં તમારી અડફેટે ચડે તો પણ એમને સલાહો આપો નહીં. તમારૂં માન જળવાઇ રહે.

કાન સારા હોય તો સંગીત સાંભળો - કોઇની ખણખોદ/પંચાત સાંભળવા કરતાં એ સારૂં.

માત્ર જીભ ગમે તેટલી સારી હોય તો પણ એનાં બંને ઉપયોગ - બોલવાનો - સારૂં સારૂં ખાવો ઓછા કરો. તમારી પાચનશક્તિ સારી રહેશે. અને વહુની ડીપ્રેશન નહીં આવે - તમારી કાતર જેવી જીભથી.

ફરમાઇશો કરી કામ વધારવું નહીં, ઘરમાં શાંતિ જાળવી રાખવામાં મદદરૂપ થવું. બીજાને મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા રહેવું, બાળકો હોમવર્ક કરાવવું, વહુને કામકાજમાં મદદ કરવી.

પ્રેમનું પ્રલોઝલ...!! કાગળના ગુલાબમાંથી ફેલાતી અસલી પ્યારની ખુશ્બુ...

લાગણીમાં ભારોભાર રાખ્યો તે, માંગણીમાં બારોબાર રાખ્યો તે, છૂટથી હું માંગી ના શકું સાજન, પ્રેમનો આ કારોબાર રાખ્યો તે

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

વેલેન્ટાઈન ડે એટલે કે ૧૪મી ફેબ્રુઆરીએ આધેડ વયનું એક કપલ ચરેડીના પાણીની ટાંકી પાસે આવેલાં કબ્રસ્તાનમાં ગુલાબનાં ફુલ કબર પર ચઢાવવા જાય... અને આ શિરસ્તો છેલ્લા ૧૪ વર્ષથી ચાલેલો, કોઇ રાવ ફરિયાદ નહીં મૃતકની યાદમાં બંદગી કરી પ્રેમાળ આંસુનો અભિષેક કરી, ધીમી ચાલે પાછા સે-૨૮ બગીચામાં સર્કલ સુધી આવે અને રીક્ષા પકડી ચાલ્યાં જાય...

રિશી અને રેહાના એકબીજાને અત્યંત પ્રેમ કરતાં હતાં. પણ રિશી જરા વધારાનો જ પ્રેમ કરતો... બૉબી પિકચરના પેલા કોકનાં માગી લાવેલા 'બૉબી' ફટફટીયા પર સવાર થઇને આવી રેહાનાને મળતો. રેહાના માટે શું કરૂં ને શું ના કરૂં એની જ ચિંતામાં રહેતો. રેહાના સુખીસંપન્ન પરિવારની અને રિશી ચાની કિટલી ચલાવતાં પિતાનો પુત્ર એટલે એનું ખીસ્સું કાયમ ફાટેલું જ રહેતું. એક નંબરનો કડકો જ હતો. પણ રોમેન્ટીક જબરો. રેહાના સિવાયની જિંદગીની કલ્પના પણ કરી શકતો નહોતો...

વેલેન્ટાઈન ડે નજીકમાં હતો અને સૌ લોકો પોતપોતાની પ્રેયસી માટે કંક ગિફ્ટ લેતાં હતા. આનેય ઇચ્છા થઇ કે ગઇ કે લાવને હું પણ રેહાના માટે ગિફ્ટ લઉં... એમાં અંતરમાં ઉમળકો જાગ્યો કે મારી ગિફ્ટથી રેહાના રાજી થઇ જશે, પણ ખિસ્સામાં હાથ નાંખ્યો તો ખાલીખમ... એ ઘરે ગયો પોતે એક કાગળ લઇ એમાંથી સરસ મજાનાં ગુલાબનાં ફુલ બનાવ્યાં, અને એ કાગળનાં લાલ ચટ્ટાક ગુલાબના ફુલ રેહાનાને પ્રેઝન્ટ કર્યા... એ ખુબ ખુશ થઇ ગઇ. આમેય એને રિશી જોરેથી બહુ મોટી ગિફ્ટની અપેક્ષા પણ નહોતી જ. રિશી એને જ લાવી આપતો પ્રેમથી એ લઇ લેતી એટલી સમજદાર અને સંતોષી હતી...

રિશીની પરિસ્થિતિ જેમતેમ જ હતી. સામાન્ય પ્રાઇવેટ કંપનીની નોકરી અને ભવિષ્યમાં કાંઇ મોટું પ્રમોશન કે બિઝનેશ કરી રૂપિયા કમાવશે એવો કોઇ જુસ્સો પણ નહોતો... પણ એકબીજાના પ્રેમમાં ડુબેલાં આ બંને જીવ અત્યંત ખુશ અને સુખી હતા...

એક દિવસ અચાનક રિશીના જીવનમાં ધરતીકંપ થયો, રેહાનાએ એને સે-૨૮ના બગીચામાં મળવા બોલાવેલો અને એણે આડીઅવળી વાત કર્યા વગર સીધી જ વાત કરી, 'તારી સાથે જીવવું એટલે કાયમ કડકાઇમાં જીવવું પડશે, મન મારીને જીવવું પડશે, તું મને શું સુખી રાખી શકીશ? શું છે તારી પાસે? કશું જ નથી... હું દુબઇ જઇ રહી છું અને કયારેય પાછી આવવાની નથી... તું મને ભૂલી જા, આજથી આપણાં બંનેનાં રસ્તાં અલગ છે. મારો તારો સંબંધ આજથી પૂર્ણ થાય છે... મને ફોન કરતો નહીં કે મળવાની જીદ કરતો નહીં...'

અને રેહાના કાયમને માટે ચાલી નીકળી, બગીચાના ફુલોની સુવાસે દિશા બદલી અને રિશી ચંપાના ફુલની નાજુક ડાળીની જેમ જ ભાંગી પડ્યો, જાણે ખતમ જ થઇ ગયો, બધુ કાંઇ ખતમ થઇ, બરબાદ થઇ ગયો, સદાય હસતો રમતો ખુશખુશાલ રહેતો રિશી મુકેશના સેડ સૉંગના રવાડે ચડી ગયો...

રિશીનો મિત્ર પણ મુકેશના ગીતોનો શોખીન હતો અને એણે રિશીના હેપ્પી સૉંગ સંભળાવવા શરૂ કર્યાં... દુઃખનું ઓસડ દહાડા એમ દુઃખનો તબક્કો પત્યો અને હવે રિશીના મનમાં બદલાની ભાવનાં પ્રગટી, ગુસ્સાની - બદલાની ધામી પૉપકોર્નની જેમ ફટાફટ ફુટવા માંડી... મગજમાં ગાંઠ વાળી કે મારી કડકાઇ એને નડી ગઇ ને? એણે મને પૈસા માટે જ તરછોડ્યો ને? હવે હું એને રૂપિયા કમાવીને બતાવીશ, રૂપિયાનો એટલો ઢગલો કરી દઇશ કે આખુ વિશ્વ એની સામે વામણું લાગશે...

રિશી જીદે ચઢ્યો તો હતો એણે એની જાતને ઝુકાવી દીધી.... ખુબ મહેનત કરી, દિવસ-રાત એક કર્યા, મહેનત - મહેનત અને મહેનત... મિત્રોએ મદદ કરી અને સારાં કામને સૌ આવકારે એમ એને સારા લોકો પણ મળ્યાં... ગાંધીનગર જી.આઇ.ડી.સી.માં જ ફેકટરીનો એક સામાન્ય કર્મચારી એવો રિશી હવે એકાદ કરોડ ટર્નઓવર ધરાવતી કંપનીનો માલિક બન્યો... દિવસ પલટાયા અને એક જર્મન કંપની સાથે એમ.ઓ.યુ. થતાં રિશી હવે રિશીકુમાર બની ગયો... શ્રીમંતાઇ એના કદમ ચૂમતી આવી... રૂપિયા, નોકર, ચાકર, ગાડી, બંગલો, માન મરતબો બધું જ કમાવ્યું... પ્રેમભંગના અપમાન ભર્યાં દુઃખમાંથી બહાર નીકળતાં એક દસકો ચાલ્યો ગયો...

પ્રેમની પછડાટ બાદ પણ એ દુઃખને ઘોળીને પી ગયો અને સ્વમાનભેર ઉભો થઇ યશસ્વિ થયો. જિંદગી જીવવા ખુબ મહેનત કરી અને સ્થિર થયો. એની જ કંપનીમાં એચ.આર. મેનેજર તરીકે આવેલી રશ્મિમાં એને રેહાના દેખાઇ અને નક્કી કર્યું કે પરમ દિવસે વેલેન્ટાઇન ડે છે તો આને પ્રમનું પ્રપોઝ કરૂં...!!

રિશી રાત્રે આકાશમાં ટમટમતાં તારલાં જોતો જોતો ફરી પાછો વિચારે ચઢ્યો અને મનમાં એક જ વાત ખટકતી હતી કે રેહાનાએ મને કેમ છોડ્યો? મારાં પ્રેમને કેમ નકાર્યો? મારી ગરીબીનું કયે અપમાન કર્યું? રેહાના પરનાં પ્રેમની જગ્યાએ હવે રેહાના પ્રત્યે રિશીને ભારોભાર અપમાન હતું... લેપટોપ પર ફેસબુક ખોલી એ રેહાનાને શોધવા મથતો હતો... આજે રહેનાનો જો કોન્ટેક્ટ થાય તો એ એને બતાવી દેવા માંગતો હતો કે રિશી હવે કયાં પહોંચી ગયો છે...

આજે વેલેન્ટાઇન ડે છે અને રિશી તૈયાર થઇ એની મર્સિડીઝમાં ફેકટરી જવા નીકળ્યો છે પણ એને અચાનક ઇચ્છા થઇ કે છેલ્લે રેહાનાને મળ્યો હતો ત્યાં જઇ આવું આમેય આજ પછી તો રેહાનાની જગ્યાએ રશ્મિ આવી જ જવાની છે...

બગીચાના સર્કલે ગાડીએ સાઇડ સિગ્નલ આપ્યું અને રિશીની નજર હાથમાં ફુલોનો બુકે લઇ ઉભેલો આધેડ કપલ પર પડી... ડ્રાઇવરને ગાડી થોભાવવાં આદેશ કર્યો. જોયું તો રેહાનાનાં જ મમ્મી-પપ્પા હતા. એણે એમને પોતાની ગાડીમાં બેસાવાનો આગ્રહ કર્યો, અને આજે એને પેલા બદલાની ભાવના ફરી જાગ્રત થઇ હતી, એના મમ્મી-પપ્પાએ મારી શ્રીમંતાઇ જોયી, મારી ગાડી, મારી પ્રગતિ જોયી અને મારી પ્રગતિ જોઇ એમની છોકરી રેહાનાએ જે કૃત્ય કર્યું એના માટે પશ્ચાતાપ કરવો એવું રિશીને મનોમન લાગવા લાગ્યું... રેહાનાને પાઠ ભણાવવાનો અને અપમાનનાં ઘા ની વસૂલાત કરવાનો સમય આવ્યો છે એવું માની હરખાયો!!

પેલા બંને માત્ર આવી ગાડીમાં ના બેસતાં ચરેડીની પાણીની ટાંકી પાછળ આવેલા કબ્રસ્તાન બાજુ ચાલવા લાગ્યા... રિશી ગાડીમાંથી ઉતરી એમની પાછળ ચાલવા લાગ્યો... એમનાં હાથમાં રહેલો ફોટો જોઇ રિશી ધ્રુજી